# ગીત

ડૉ. વીવેક મનહર ટેલર

## .1.

જમુનાનાં જળ કદી ઓછાં ન થાય, એનું કારણ પુછો તો કહું રાધાની આંખ !
તીરથ ને મંદીરો પડતાં મેલીને કદી જાત આ ઝુરાપાની નદીયુંમાં નાંખ.
રાધાનાં શમણાંના સાત રંગ રોળાયા
તંઈ જંઈ એક મોરપીચ્છ રંગાયું,
હૈડું ફાડીને પ્રાણ ફુંક્યા કંઈ ઘેલીએ,
એ દી' આ વાંસળીએ ગાયું,
મોરલીની છાતીથી નીકળતા વેદનાના સુર, સખી ! સાંખી શકે તો જરી સાંખ !
જમુનાનાં જળ કદી ઓછાં ન થાય, એનું કારણ પુછો તો કહું રાધાની આંખ !
ગોધુલીવેળાની ડમરીમાં ડુબકી દઈ
આયખું ખુંદે છે ખાલીખમ પાદર;
રાહનાં રુંવાડાંને ઢાંકવાં પડે છે કમ
આ ચોર્યાસી લાખ તણી ચાદર.
છોને ભવાટવી ઉગી અડાબીડ પણ ધખધખતી ઝંખનાને વળશે ન ઝાંખ
જમુનાનાં જળ કદી ઓછાં ન થાય, એનું કારણ પુછો તો કહું રાધાની આંખ !

## .2.

ફોટો પાડીને ફુલ મોકલી શકાય; પણ ખુશબુને કેમ કરી મોકલું ?
વાત માંહ્યલાની કરવાનું દોહ્યલું.
ભીતરના કાશ ! ચાસ પાડી શકાય તો તો
મબલખ હું પાક લહેરાવું;
અક્કેકા ડુંડાના અક્કેકા દાણામાં
અક્કેકુ ખેતર ઉગાડું.
શબ્દો તો શક્ય, પણ ઉર્મીના કોશને ચલાવવાનું કામ નર્યું સોણલું.
વાત માંહ્યલાની કરવાનું દોહ્યલું.
લાકડીને ઠોકીને કાન જરા માંડીને
દાખવીએ લગરીક યકીન;
ભીતરમાં કેટલો ભંડારો ભર્યો છે-
કહેવાને આતુર જમીન
પાણી કળાય એમ લાગણી કળાય નહીં એવું જીવતર સાવ ખોખલું.
વાત માંહ્યલાની કરવાનું દોહ્યલું.

## .3.

હા, તું જો આવે તો એટલું જ કહેવાનું, જોજે છલકાય નહીં આંખ,
રુનો અવતાર લઈ ઉભો છું દ્વાર થઈ, કાગળ તણી છે બારસાખ.
ને હા, નથી બોર એકે ચાખેલા મારી કને,
નથી કો વીંટી ખોવાયેલી;
એકે કટોરો નથી પીધું મેં ઝેર,
નથી વાટ થઈ આંખ પથરાયેલી,
અદના એક આદમીની અદની પ્રતીક્ષા છે, લગરીક વીશેષ નથી સાખ.
ને હા, તું જો આવે તો એટલું જ કહેવાનું, જોજે છલકાય નહીં આંખ.
ને હા, નથી લાગણીનાં ખળખળતાં ઝરણાં
જ્યાં આલીંગનોની તરે હોડી;
હાથમાં લઈ હાથ જરા મલકી લેશું ને
પછી આંખ પ્રોશું આંખડીમાં થોડી,
સપનાંના અંગારા વાસ્તવની દુનીયાને જોજે કરે ન ક્યાંક ખાખ.
ને હા, તું જો આવે તો એટલું જ કહેવાનું, જોજે છલકાય નહીં આંખ.

## .4.

તારા પર ગીત શું લખું હું કે તું છે મારી જીવતી ને જાગતી કવીતા,
શું તું સમજી શકે છે મારી દ્વીધા?
પાસે તું હોય તો બસ તારામાં લીન રહું,
દુર હો તો ઓર લાગે પાસે;
તારા અહેસાસનો પ્રાણવાયુ પી-પીને
રક્તકણો નીકળે પ્રવાસે,
શાહીમાં ડુબેલ આ બ્લોટીંગ પેપર ઉપર કેમ કરી પાડું હું લીટા ?
શું તું સમજી શકે છે મારી દ્વીધા?
સાચી મજા તો બસ, માણવામાં હોય,
સ્થુળ વર્ણન તો ક્ષણનો બગાડ;
કોરાકટ કાગળની ભરચક્ક ગલીઓમાં
પ્રેમ પ્રેમ પ્રેમ બુમ પાડ
હોવાના અધ્યાય ત્યાં લખ્યા છે સાથ-સાથ, એથી વીશેષ કઈ ગીતા?
શું તું સમજી શકે છે મારી દ્વીધા?

## .5.

આપણું આ હોવું એ બે પળની વાતો ને વાતોનાં હોય નહીં ટોળાં
પછી શાને લીધા તેં અબોલા ?
વહેતાં પાણીના પગે ઠોકર વાગીને
એ તો ખીલે બંધાઈ થયું લીલ,
મોઢું વકાસીને બેઠેલા ભીતરના
પડછાયા એમાં તું ઝીલ,
લખો, ભુંસો ને લખાય એવી રેત પર પથ્થરના કેમ પડ્યા ઓળા ?
સાવ અમીટ લકીર છે અબોલા ?
સન્નાટાની બાણશય્યા પર પોઢીને
સપનાંઓ મુંગું કરાંજે,
વાતનો ઉજાસ લઈ ઉગે એ સુરજ
રાતની આંખોમાં કોણ આંજે?
ફાટે ન ફીટે, અબોલા છે તારાં કે પાટણનાં મોંઘાં પટોળાં ?
આવા આકરા તે હોય શું અબોલા ?

## .6.

જત લખવાનું તને જે કહું છું, ધ્યાન દઈને સાંભળ,
તું સદીઓની તરસી ધરતી, હું છું કોરું વાદળ,
વધુ કહું શું આગળ ?
બીનશરતી દઈ વહાલ કરી દે
જન્મારાને ન્યાલ;
કયા યુગમાં જીવો છો, રાણી
લઈને આવા ખ્યાલ ?
સાફ હશે તો અક્ષર પડશે, હું તેલીયો કાગળ...
વધુ કહું શું આગળ ?
અઢી અક્ષરની વાતો લાગે
કવીતામાં સુફીયાણી,
અમે ફુંકીએ છાશ, તમે તો
ઝેર પીઓ છો જાણી,
સપનાંઓના પગે પડી છે દુનીયા થઈને સાંકળ,
વધુ કહું શું આગળ ?

## .7.

વરસી કંઈ સ્મરણોની હેલી,
હું તો લથબથ ભીંજાઈ થઈ ઘેલી.
વીસરી ગઈના છાણાં થાપી-થાપીને
મેં તો હોવાની ભીંતોને ઓકળી;
ઘરકામની કાથીઓ ખેંચી બાંધેલ ખાટે
આડી પડી'તી થઈ મોકળી.
એના નામનો વંટોળ મુઓ ફૂંકાયો એમ કે છત અને ભીંતો પડેલી.
વરસી કંઈ સ્મરણોની હેલી...
અંદરથી કોઈ મારી આંખ્યું દાબીને પુછેઃ
'કોણ છું હું બોલ સખી, બોલ..'
કુણી હથેળીઓ શ્વસી લગીર એમાં
મનડાનો થઈ ગ્યો ચકડોળ.
આટલું રહ્યું ન ભાન? આટલા જન્મોથી હું તારા જ ટેકે ઉભેલી ?!
વરસી કંઈ સ્મરણોની હેલી...

## .8.

ભરબપ્પોરે ભરમેળામાં નજર્યુંની વાગી ગઈ ફાંસ,
એક-એક પગલાના અધ્ધર થ્યા શ્વાસ
દલડાની પેટીમાં સાચવીને રાખેલાં
ઉઘડી ગ્યાં સાતે પાતાળ;
ગોપવેલી વારતા હરાઈ ગઈ પલકારે,
ચોરીનું કોને દઉં આળ?
અલ્લડ આ છાતી તો આફરે ચડી, મારા તુટે બટન, ખુલે કાસ.
છાતીયું ધબ્બ ધબ્બ ધબકે છે, સૈં
અને ફુટ્યા છ કાન આખા મેળાને
લાલઘુમ્મ ચહેરાનું કારણ પુછો તો,
મુઈ, ગાળો ન દઉં આ તડકાને?
મેળો બનીને હું તો રેલાઉં મેળામાં, ઉભ્યા-વહ્યાનો નથી ભાસ.
ખુંટે ખોડાઈ ઉભી ઠેરની ઠેર હું,
ભીતર તો થઈ ગ્યું ચકડોળ;
ધ્રમ્મ-ધ્રમ્મ ચહુ ઓર લોહીમાં ઢબુકે
વાંહે આવ્યો તું'નો ઢોલ.
મારામાં શોધ નહીં મુને, ઓ જોગીડા! તારો જ માંહ્યલો તપાસ.

## .9.

ઉંમરના કબાટમાં સાચવીને રાખ્યો’તો, કાઢ્યો એ બ્હાર આજે ડગલો,
કે બેઠો મુંછોના ખેતરમાં બગલો.
મ્હેંદી વાવીને તમે ખેતરને રંગી દો,
તોયે બગલાનાં પગલાંનું શું?
નાદાની રોપી’તી વર્ષો તો આજ શાને
સમજણનું ઉગ્યું ભડભાંખળું?
ચાલ્યું ગયું એ પાછું ટીપુંયે આપો તો બદલામાં ચાહે રગ-રગ લો...
કે બેઠો મુંછોના ખેતરમાં બગલો.
અડસટ્ટે બોલ્યા ને અડસટ્ટે ચાલ્યા
ને અડસટ્ટે ગબડાવી ગાડી,
હમણાં લગી તો બધું ઠીક, મારા ભાઈ !
હવે જાગવાની ખટઘડી આવી.
પાંદડું તો ખર્યું પણ કહેતું ગ્યું મુળને, હવે સમજી વીચારી આગે પગ લો.
કે બેઠો મુંછોના ખેતરમાં બગલો.
એકધારું સરકતો રસ્તો અચાનક
માઈલોનો પથ્થર થઈ બેઠો,
અટકી જઈને એણે પહેલીવાર જાતને
કહ્યું આજે કે થોડું પાછળ જો.
વીતેલાં વર્ષોના સરવાળા માંડું ત્યાં તો આંખ સામે થઈ ગયો ઢગલો.
કે બેઠો મુંછોના ખેતરમાં બગલો.

## .10.

એથી હું પ્રેમ કદી કરતો નથી કે મારી આંખોમાં ધગધગતું રણ,
આ ઝાંઝવાને ઝાકળ ન ગણ.
પ્રેમમાં તો આંખની ભીની જમીનમાં સપનાંઓ રોજ ખોડે ખીલા,
ચરણોમાં ઝંઝા નહીં, ઝંખાના ઉંટ અને શ્વાસોમાં સાથના કબીલા,
મારા તો બેઉ પગ થઈ ગ્યા છે રેત-રેત, કણ-કણ પર પડ્યાં છે આંટણ.
આ ઝાંઝવાને ઝાકળ ન ગણ.
રેતીના કણ-કણ, ઈચ્છાનાં ધણ-ધણ, દીશાઓ આંટીને દોડે,
મનના પવનના ઉડતા ગવનને એકે બાજુથી ન છોડે
ભટકાઉ જીન્દગીના બેકાબુ છેડા પર બાંધું હું શાનાં સગપણ ?
આ ઝાંઝવાને ઝાકળ ન ગણ.

છાતીમાં એક દી’ હાથ મેં નાંખ્યો તો કોષ-કોષ ભોંકાયા થોર,
દુલમાં ઉગે છે ખાલી કાંટા એ જાણ હતી પણ સાવ આવા નઠોર ?
આખાય જીવતરની થાપણમાં શું છે તો આવું આ ખારપાટી ખાંપણ.
આ ઝાંઝવાને ઝાકળ ન ગણ.

ડૉ. વીવેક મનહર ટેલર


કવીસમ્પર્ક: ડૉ. વીવેક ટેલર, આયુષ્ય મેડી–કૅર હૉસ્પીટલ અને કાર્ડીયાક સેન્ટર,
૪૭–સ્વીટી સોસાયટી, ભટાર રોડ, સુરત – ૩૯૫ ००૧
ટેલીફોન : 0261-223 4030/31/32 મોબાઈલ : 98241 25355
ઈમેલ : dr_vivektailor@yahoo.com વેબસાઈટ: http://vmtailor.com/



‘સન્ડે ઈ–મહેફીલ’ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર (gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર



‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ : નવમું – અંક : 295 – May 04, 2014

‘ઉંઝાજોડણી’માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com


@@@@@

**Happy Announcement**

નવ વરસથી ચાલતી આ ‘સ.મ.’ની ‘સુ–વાચનયાત્રા’માં આજે આ 294મી રચના મોકલાઈ રહી છે.. એની સઘળી રચનાઓની અગીયાર ‘ઈબુક્સ’ થઈ છે અને તે સઘળી મફ્ત ડાઉનલોડ કરવા અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/ebooks/ પર મુકાઈ ગઈ છે જે આપ સૌ જાણો છો.

હવે એમાંથી 80 જેટલી ‘સ.મ.’ તો ‘કાવ્ય–ગઝલો’ની મુકાઈ ! જેમાં ગઝલો, સોનેટ, ગીતો, મુક્તકો, અછાંદસ, હાઈકુ રચનાઓનું ભારોભાર વૈવીધ્ય છે. ગઝલરસીયા વાચકોના આગ્રહને વશ, અમે બીજી બે ઈબુક્સ ‘ગઝલ–કાવ્યસૃષ્ટી’ના નામે બનાવી, તે બન્ને ઈબુક્સ હવે ફ્રી ડાઉનલોડ થઈ શકે તે માટે : પહેલી બુક
http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part1.pdf
લીંક પર અને બીજી બુક
http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part2.pdf

લીંક પર મુકી છે.. ક્લીક કરશો કે તરત જ બુક ડાઉનલોડ થવા માંડશે અને તે પછી તેને, તમે ચાહો તે સ્થળે સેવ કરી, તેમાંની સમર્થ કવીઓની હજારેક જેટલી રચનાઓ માણી શકશો.. ડાઉનલોડ ને સેવનો વીધી ન ફાવે તો મને લખજો.

બન્ને બુક્સ હું તમને મોકલી આપીશ.

..ઉત્તમ.મધુ ગજ્જર.. uttamgajjar@gmail.com

@@@@@

More than 2,92,13,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 29,02,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 6,24,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@@@@@@@